જન્મદિને વધામણી

આલિયાબાનુ શબ્બીરહુસેન મીનાપરા

હિમાંશુ ગુણવંતરાય જેઠવા
કર્મચારી
સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઇન્ડિયા

જે સી પરમાર
કોષાધ્યક્ષ, ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદ
મંત્રી, ડેમોક્રેટિક પિપલ્સ એસોસિએશન, ગાંધીનગર
મો. ૯૪૨૮૬ ૦૬૫૬૦

રસીલાબેન મફતલાલ પ્રજાપતિ
મો. ૯૭૨૪૭ ૪૨૪૪૬

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

કેએસવી સંચાલિત એલડીઆરપી કૉલેજ દ્વારા

બે દિવસીય 'ઝેનીસીસ-૨૦૧૬' યોજાયો

ગાંધીનગર ખાતે કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન એલ.ડી.આર.પી. ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી એન્ડ રિસર્ચ કોલેજમાં "જેનેસીસ-૨૦૧૬" નામનો નેશનલ લેવલનો ટેકનીકલ ફેસ્ટીવલ યોજાયો હતો. દર વર્ષે આ પ્રોગ્રામ કોલેજમાં થાય છે. આવખતે આ નવમો કાર્યક્રમ યોજાયો જેની થીમ "એમ્પાવરીંગ ઈન્ડિયા પાવરીગ ધ વર્લ્ડ" રાખવામાં આવી હતી, જેમાં ૨૦૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ૪૦ થી વધુ સ્પર્ધાઓ અને ૪ વર્કશોપમાં ભાગ લીધો હતો. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે કેપજેમીનાઈ કંપનીના એસોસીયેટ વાઈસ પ્રેસિડેન્ટ અને લોકેશન હેડ નિકુંજ પટેલ અને ઇ મેનેજર દર્પેશ પરમાર હાજર રહ્યા હતા. નિકુંજ પટેલે સ્ત્રી શસક્તીકરણ, સ્ટાર્ટઅપ ઈન્ડિયા ,ઈન્ટલેક્ચ્યુઅલ પ્રોપર્ટી અને ઈનોવેટીવ, પ્રોજેક્ટ વિશે પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું. જ્યારે સર્વ વિદ્યાલય કેડવણી મંડળના પ્રેસિડન્ટ કનુભાઈ પટેલે જણાવ્યું કે યુનિવર્સિટીએ અત્યાર સુધીમાં ૧૦ પેટન્ટ કરી છે. અને આવતા દશ વર્ષમાં ૧૦૦ પેટન્ટ ફાઈલ કરવા ઉપર ભાર મૂક્યો હતો. પ્રોગ્રામના ઉદ્ઘાટન સમારંભમાં કેએસવીના પ્રેસિડન્ટ વલ્લભભાઈ પટેલ, ડાયરેક્ટર પ્રો. ડી. ટી. કાપડિયા તથા કોલેજના પ્રિન્સિપાલ ગાર્ગીબેન રાજપરા પણ હાજર રહ્યા હતા. આ પ્રોગ્રામમાં રોબોટિક્સ, આટોમોબાઈલ વર્કશોપ , રોબો કબડ્ડી , પ્રોગ્રામિંગ કોમ્પિટિશન, લેન ગેમિંગ, રોબો વોર, પાણીમાં ચાલતા રોબોટો, ઈલેક્ટ્રોનિક્સ અને ઈલેક્ટ્રીકલ ડિપાર્ટમેન્ટની વિવિધ સ્પર્ધાઓએ આકર્ષણ જમાવ્યું હતું. વિદ્યાર્થીઓએ ડોમ બનાવવામાટે તથા બ્રિજ બનાવવાના ઈનોવેટિવ આઈડીયા રજૂ કર્યા હતા. સંસ્થાના પ્રેસિડન્ટ કનુભાઈ પટેલે સમાજને ઉપયોગી બને તેવા સંશોધન કરવા માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપ્યું હતું.

મનોરંજન

સિટી પલ્સ

સ્ક્રીન-૨
કિ ઍન્ડ કા
૧૨.૩૦, ૨.૪૫, ૫.૧૫, ૭.૪૫, ૧૦.૧૫
સ્ક્રીન-૩
કુંગ ફુ પાંડા (અંગ્રેજી)
૧૧.૦૦, ૫.૦૦
કુંગ ફુ પાંડા (હિન્દી)
૧૨.૩૦, ૨.૩૦
બૅટમૅન વર્સીસ સુપરમૅન (૩ડી અંગ્રેજી)
૭.૦૦, ૧૦.૦૦
સ્ક્રીન-૪
કપૂર ઍન્ડ સન્સ
૧૨.૩૦, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦
સ્ક્રીન-૫
કિ ઍન્ડ કા
૧૦.૦૦, ૪.૦૦, ૬.૩૦
રૉકી હૅન્ડસમ
૧૨.૩૦, ૧૦.૧૫
સ્ક્રીન-૬
રૉકી હૅન્ડસમ
૧૨.૩૦
કપૂર ઍન્ડ સન્સ
૧૦.૦૦
કિ ઍન્ડ કા
૭.૪૫

ચિત્રકલા ક્ષેત્રે ગાંધીનગર શહેરનું ગૌરવ શિક્ષકે વધાર્યું

ગાંધીનગર, તા. ૧

'કલા આત્માની ચિરંજીવ જ્યોત છે' એ વાક્યને સિદ્ધ કરતા જે બી પ્રાથમિક શાળા, કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરના ચિત્રકલા શિક્ષક જયકુમાર એચ પંડિતે બબ્બે મેડલ પ્રાપ્ત કરીને શાળા તથા નગરનું ગૌરવ વધાર્યું છે.

જયકુમાર પંડિતે બાળ અને યુવા ચિત્રકલા સ્પર્ધા-૨૦૧૬ અંતર્ગત બેસ્ટ ટીચર તરીકે ગોલ્ડ અને કલાચન્દ્ર શ્રેણીમાં સિલ્વર મેડલ તથા સન્માનપત્ર બંને શ્રેણીમાં પ્રાપ્ત કર્યાં છે.

વિશેષમાં શાળાનાં આચાર્યા નિવાબેન પટેલને બેસ્ટ સ્કૂલ આર્ટ સ્કૂલનો ગોલ્ડન એવોર્ડ પ્રાપ્ત થયો છે. ચિત્રકલા શિક્ષક અને આચાર્યના માર્ગદર્શનમાં ૨૬૦ વિદ્યાર્થીઓએ કલા સ્પર્ધામાં ભાગ લીધો હતો, તેમાંથી ૧૫ વિદ્યાર્થીઓને બાળકલારત્મ ગરિમા-કલાચન્દ્ર એવોર્ડથી વિવિધ શ્રેણીમાં ગોલ્ડ, સિલ્વર મેડલથી સન્માનિત કર્યા છે.

સૅક્ટર-૨૧ સ્થિત માઉન્ટ કાર્મેલ શાળામાં આનંદી જીવન વિષય ધોરણ-૧થી ૧૨ના વિદ્યાર્થીઓને શીખવવામાં આવે છે. આ વિષય આધારિત વિદ્યાર્થીઓમાં મૂલ્યોનું સિંચન કરવામાં આવે છે. સેવા, દયા, માનવતા, સંઘ ભાવના, સ્વાર્પણ, ટીમ વર્ક જેવાં મૂલ્યોની કેળવણી અપાય છે. ઉપરાંત સમાજોપયોગી કાર્ય કરવા વિદ્યાર્થીઓને તૈયાર કરાય છે. જેથી સમાજમાં લોકો સાથે યોગ્ય વાણી-વ્યવહાર કરી શકે. પોતાની કૃતજ્ઞતા વિદ્યાર્થીઓ દરેક ક્ષેત્રમાં વ્યક્ત કરતા શીખે તે ઉપરાંત વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા જીવનોપયોગી વ્યાવહારિક જ્ઞાન પણ આપવામાં આવે છે, જેથી વિદ્યાર્થીઓનું ઘડતર થાય. સમગ્ર વર્ષ દરમ્યાન શીખવાતાં મૂલ્યોને વર્ષના અંતે ઉજવણી કરી વાગોળવામાં આવે છે. જેથી વિદ્યાર્થીઓ સારા નાગરિક તરીકે સમાજમાં સ્થાન પ્રાપ્ત કરે. આવી ઉજવણી શાળામાં ગઈકાલે કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ પોતાના વર્ગ શિક્ષકની મદદથી વર્ષ દરમ્યાન શીખેલાં મૂલ્યો આધારિત સ્કીટ, સ્વરચિત કાવ્ય, પ્રાર્થના, સહાધ્યાયીઓનો આભાર જેવી વિવિધ રજૂઆતો કરી હતી.

સૅન્ટ ઝેવિયર્સ દ્વારા સમર કૅમ્પ ૧૪મી એપ્રિલથી

ગાંધીનગર, તા. ૧

સૅન્ટ ઝેવિયર્સ, ગાંધીનગર ખાતે દર વર્ષની જેમ આ વર્ષે પણ સમર કોચિંગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પ તા. ૧૪ એપ્રિલથી શરૂ થશે અને લગભગ ૧ મહિના સુધી ચાલશે.

કેમ્પ અંતર્ગત ફૂટબૉલ, ક્રિકેટ, બાસ્કેટબૉલ, સ્કેટિંગ, ચેસ, રાઈફલ શૂટીંગ તથા વિવિધ ડાન્સની ટ્રેનીંગ કુશળ કોચ દ્વારા આપવામાં આવશે. તાલીમમાં રસ ધરાવતાં બાળકોએ શાળા કાર્યાલય ખાતેથી ફોર્મ મેળવીને ભરી દેવા આ અંગેની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

સરકારી પ્રાથમિક શાળા, સૅ-૨૯/૧ ખાતે સ્કૂલ એડોપ્શન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧

સરકારી પ્રાથમિક શાળા, સૅક્ટર-૨૯/૧ ખાતે સ્કૂલ એડોપ્શન કાર્યક્રમ તાજેતરમાં યોજવામાં આવ્યો હતો.

સૅન્ટ્રલ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર એસ એ બારી, એસ એમ હીરેમથ, ડીઈઓ-ગાંધીનગર વગેરે આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે શાળાના વિદ્યાર્થીઓ દ્વારા ડાંગી અને ભાંગડા-ડાન્સ રજૂ કરી કાર્યક્રમને મનોરંજક બનાવવામાં આવ્યો હતો. શાળાનાં આચાર્યા મીનાક્ષીબેન જોષી દ્વારા પ્રસંગોચિત ઉદ્બોધન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન ઈશ્મીતબેન દ્વારા અને આભારવિધિ લીટીબેન દ્વારા કરવામાં આવી હતી.

સૅન્ટ્રલ યુનિવર્સિટી દ્વારા શાળામાં કમ્પ્યુટર લૅબ, સિલાઈ મશીન, વેન્ડીંગ મશીન, રમતગમતના મેદાનમાં જુદી-જુદી રમતો રમવા માટેની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. આ તમામ સુવિધાઓનું ઉદ્ઘાટન આ પ્રસંગે કરવામાં આવ્યું હતું અને વિવિધ સ્પર્ધાઓમાં વિજેતા બનેલા વિદ્યાર્થીઓને ઈનામોનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

નૈનિતાલ, મનાલી ટ્રેકિંગ કૅમ્પમાં જોડાવા અંગે

ગાંધીનગર, તા. ૧

ઉનાળાની કાળઝાળ ગરમીમાંથી બચવાનો અને સાહસિક પ્રવૃત્તિનો આનંદ લેવાનો બેવડો આનંદ લેવા માટે અંજના નિમાવત દ્વારા શહેરીજનોને ઈજન પાઠવવામાં આવ્યું છે. ઉનાળુ વેકેશનના સમયનો સદુપયોગ કરવા સારુ મનાલી અને નૈનિતાલ જેવાં સ્થળોએ ઍડવેન્ચર કૅમ્પનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં રેપલિંગ, રૉક ક્લાઈમ્બિંગ, કાઉલીંગ, રાઈફલ શૂટીંગ, આર્ચરી, ટ્રેકિંગ, બર્ડ વૉચિંગ જેવી અનેકવિધ પ્રવૃત્તિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. કૅમ્પમાં ભાગ લેવા માટે તા. ૧૫ એપ્રિલ સુધીમાં અંજના નિમાવતનો સંપર્ક (મો. ૯૯૯૮૮ ૧૦૭૧૯) કરવાનો રહેશે, એમ તેમણે વધુમાં જણાવ્યું છે.

આજે વિનસ કૉલેજ ખાતે ઓપન સોર્સ ચૅમ્પિયનશીપ

ગાંધીનગર, તા. ૧

વિનસ ઈન્ટરનેશનલ કૉલેજ ઑફ ટૅકનોલૉજી ખાતે ઓપન સોર્સ ચૅમ્પિયનશીપનું આયોજન શનિવારે કરવામાં આવ્યું છે.

આ ચૅમ્પિયનશીપનો ઉદ્ઘાટન સમારોહ સવારે ૯.૩૦ કલાકે સંસ્થાના સેમિનાર હૉલ ખાતે યોજવામાં આવશે.

રાષ્ટ્રપતિભવન : એક અવિસ્મરણીય અનુભવ

રાષ્ટ્રપતિભવન ખાતે રાઈટર્સ ઈન રેસિડન્સ પ્રોગ્રામ ૧૨ થી ૨૬ માર્ચ દરમિયાન યોજાયો હતો. આ પ્રોગ્રામ માટે ધ્વનિલ પારેખ (ગુજરાત), બિનોદ ઘોષાલ(પ.બંગાળ), જયશ્રી બોરો(આસામ) અને સિતાંશુ ગુપ્તમૌર્ય(આર્ટિસ્ટ,લખનૌ)ની પસંદગી થઈ હતી. બે અઠવાડિયાનાં આ પ્રોગ્રામ દરમિયાન સમગ્ર રાષ્ટ્રપતિભવનની ગતિવિધિ અને તમામ વિભાગોનો સુપેરે પરિચય થયો હતો.રાષ્ટ્રપતિભવન ૩૩૦ એકરમાં પથરાયેલું છે. રાષ્ટ્રપતિનું મુખ્ય સચિવાલય ઉપરાંત મ્યુઝિયમ, અશ્વશાળા, પુસ્તકાલય, મુગલ ગાર્ડન, ગેસ્ટ હાઉસ, સમાગમ અને સ્પર્શ સંસ્થા, સર્વોદય શાળા, હર્બલ ગાર્ડન- કઈ કેટલાયે વિભાગો અહીં કાર્યરત છે. રાષ્ટ્રપતિનું મુખ્ય સચિવાલય જ ૫ એકરમાં વિસ્તરેલું છે.

આદરણીય રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી સાથેની ગોષ્ઠી પ્રેરણાદાયી રહી. એમણે એમની વાતમાં કહ્યું કે, રાષ્ટ્રપતિભવન એ પ્રજાનું ભવન છે અને જે સમાજ કલાકારનું ગૌરવ નથી કરતો એ લાંબો સમય ટકી શકતો નથી. મારું 'અંતિમ યુદ્ધ' નાટક મેં એમને ભેટ આપ્યું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથેની મુલાકાત પણ અવિસ્મરણીય રહેશે. મારા પુસ્તકો 'અંતિમ યુદ્ધ' અને 'દરિયો ભલેને માને' મેં એમને ભેટ આપ્યાં. મારા શોધનિબંધ 'નાટકમાં મિથઃ' નાં પ્રથમ પાનાં પર એમણે લખ્યું: જય જય ગરવી ગુજરાત. ઉપરાષ્ટ્રપતિ હમીદ અન્સારી સાથેની મુલાકાત પણ રસપ્રદ રહી.એમણે અમારાં ચારે મિત્રોની સર્જન પ્રક્રિયા વિશે અંગત રસ લઈને વાતો કરી.આવી જ રસપ્રદ મુલાકાત સાંસ્કૃતિક મંત્રી મહેશ શર્મા અને નીતિ આયોગના ઉપાધ્યક્ષ અરવિંદ પાનગઢિયા સાથેની રહી.

૧૨ એકરમાં પથરાયેલા મુગલ ગાર્ડનની ખૂબસૂરતી હજી પણ આંખોમાં અકબંધ છે. અશ્વશાળાનાં ૯૯ અશ્વો પાસેથી કેવી રીતે કામ લેવામાં આવે છે,કેવી રીતે એમને ટ્રેનીંગ આપવામાં આવે છે, પોલો ગ્રાઉન્ડમાં પોલો રમતા અફસરોને જોવા- આ બધું એક રોમાંચપૂર્ણ અનુભવ હતો.

રાષ્ટ્રપતિભવનના દરબાર હોલ અને અશોકા હોલના વૈભવ વિશે શું કહું? પદ્મશ્રીથી માંડીને મોટા સન્માન સમારોહનું આયોજન દરબાર હોલમાં થતું હોય છે. દરબાર હોલ તરફ જતાં પગથિયાં પાસે રાખવામાં આવેલી બુદ્ધની પ્રતિમાના સૌંદર્યનો અનુભવ કરવો પોતે જ એક ઉપલબ્ધિ હતી. પ્રેસિડેન્ટ બોડીગાર્ડને મળવું, એમની કાર્યપ્રણાલીને જાણવી અને ત્યાંના બધાં જ અફસરો જે સહજ રીતે અમને મળ્યા અને બધું સમજાવ્યું, એ ખૂબ જ ગમ્યું. આવી જ સહજતાનો અનુભવ કથક નૃત્યાંગના અદિતિ મંગળદાસ સાથે વાતો કરતી વખતે થયો.

સંસદનાં ત્રણે વિભાગો લોકસભા,રાજ્યસભા,સેન્ટ્રલ હોલ વિશેની જાણકારી પણ મહત્ત્વપૂર્ણ રહી. ભારતીય ઈતિહાસને જાળવતું મ્યુઝિયમ પણ જોવા લાયક છે. સંસદ ભવનના વિશાળ પુસ્તકાલયનો લહાવો મળ્યો. ચૌદ લાખ પુસ્તકો અહીં છે. હિન્દી અને અંગ્રેજી ભાષાનાં પુસ્તકો ઉપરાંત પ્રાદેશિક ભાષાનાં પુસ્તકો પણ અહીં છે.રાષ્ટ્રપતિભવનનું પોતાનું પુસ્તકાલય પણ દુર્લભ પુસ્તકોનો સંગ્રહ ધરાવે છે. રાષ્ટ્રપતિભવન પરિસર અંતર્ગત સર્વોદય સ્કૂલ, સમાગમ અને સ્પર્શ સંસ્થા- આ ત્રણે સંસ્થાઓની મુલાકાત પણ હૃદયસ્પર્શી રહી. ખાસ કરીને સમાગમ સંસ્થામાં વૃદ્ધોને મળવું, એમની જોશપૂર્ણ પ્રસ્તુતિઓ નિહાળવી, સ્પર્શ સંસ્થાના વિકલાંગ બાળકોને સ્પર્શ કરવો, એમની તકલીફો જાણવી- આ બધું પણ એક અલગ જ અનુભવ હતો.

ચૌદ દિવસના આ કાર્યક્રમ દરમિયાન વિવિધ રાજ્યોના સંશોધકોને પણ મળવાનું થયું. સમાજોપયોગી એમનાં સંશોધનોથી અભિભૂત થવાયું. રાઈટર્સ ઈન રેસિડન્સ પ્રોગ્રામ અંતર્ગત કેટલીક કવિતાઓ લખવાનું બન્યું હતું અને એક દીર્ઘનાટકનો પ્રથમ મુસદ્દો તૈયાર થયો હતો. સમગ્રતયા આ એક જુદો અનુભવ હતો જે કાયમ માટે અકબંધ રહેશે. બિનોદ, જયશ્રી, સિતાંશુ સાથેની ધમાલ પણ એક ઉપલબ્ધિ હતી. નિખાલસ અને સારા ચિત્રકાર એવા રાષ્ટ્રપતિભવનના નિદેશક નિરંજનકુમાર સુધાંશુ સાથેની મૈત્રી પણ મારે માટે આ પ્રોગ્રામની ફલશ્રુતિ હતી. ટૂંકમાં, રાષ્ટ્રપતિભવન એક અવિસ્મરણીય અનુભવ રહેશે.

- ધ્વનિલ પારેખ

સ્વ. પંકજસિંહ જાડેજાનાં જીવનકાર્યોની અમર સુવાસ

માનવીએ જીવન દરમ્યાન કરેલાં સારાં કાર્યો તેના ગયા પછી પણ તેની સુવાસ પ્રસરાવતાં રહે છે. આવી જ એક સુવાસ મુરબ્બી જયરાજસિંહ સરવૈયાએ ગાંધીનગર સમાચાર સુધી પહોંચાડી છે, જેને વાચકો સુધી પહોંચાડીએ છીએ.

વાત છે ગુજરાતના કર્મનિષ્ઠ અધિકારી સ્વ. પંકજસિંહ કે જાડેજા અને તેમના પરિવારની - તેમનાં પત્ની સ્વ. રાજેશ્વરીબા, પુત્રી સ્વ. રીતિશાબા અને પુત્ર સ્વ. હર્ષવર્ધનસિંહની. આ આખોય પરિવાર ૧૪ ડિસેમ્બર, ૨૦૧૫ના રોજ માર્ગ અકસ્માતમાં દેવશરણ થયો. પરંતુ તેમની યાદમાં સ્વૈચ્છિક રક્તદાન કેમ્પ સહિત અનેક સેવાકાર્યોની એક આખી વણઝાર તેમના વતન મોટી પાનેલી ઉપરાંત અન્યત્ર સ્થળોએ ચાલી રહી છે.

સ્વ. પંકજસિંહજીએ પોતાની ટૂંકી આયુમાં પણ સમાજોપયોગી એવાં શ્રેષ્ઠ અને ઘણાં કાર્યો કર્યાં હતાં. તેઓ ડેપ્યુટી કલેક્ટરના પદ પર હતા. તેમનાં કાર્યોને બિરદાવવા સરકાર તરફથી બે વખત રાષ્ટ્રપતિ ઍવોર્ડ તથા રાજ્ય સરકારના શ્રેષ્ઠ મામલતદાર તરીકે પ્રથમ હરોળના પુરસ્કારથી તેમને સન્માનવામાં આવ્યા હતા.

વર્ષ ૨૦૦૦થી ૨૦૦૭ સુધી ઉપલેટા મામલતદાર તરીકે તેમની કામગીરી હોય કે ૨૦૦૭થી ૨૦૧૦ સુધી શ્રી અંબાજી મંદિર ટ્રસ્ટના વહીવટદાર તરીકેની કામગીરી હોય કે પછી ૨૦૧૦થી ૨૦૧૧ સુધી રેસીડેન્શીયલ કલેક્ટર, વઢવાણના પ્રાંત અધિકારી કે ઘુડખર અભયારણ્યનો વધારાનો ચાર્જ સંભાળતા અધિકારી કે ૫ છી ૨૦૧૨થી ૨૦૧૪ દરમ્યાન પૂર્વ વિસ્તારના સિટી ડેપ્યુટી કલેક્ટર કે પછી મણિનગર વિસ્તારના પ્રાંત અધિકારી તરીકેની તેમની કામગીરી હોય - દરેક સ્થળે તેમણે પ્રશંસનીય

આવો ચીલો ચાતરીએ
કુંતલ નિમાવત

અને યાદગાર કામગીરી બજાવી છે. એમાંય અંબાજી મંદિર ટ્રસ્ટના વહીવટદાર તરીકે તેમણે જે કાર્યો કર્યાં તે ચિરસ્મરણીય છે. આજના અંબાજી મંદિર તથા ગબ્બર પર્વત ઉપરનો જે વિકાસ આપણી સામે છે તેના પાયામાં સ્વ. પંકજસિંહ જાડેજાનો સિંહફાળો રહેલો છે.

અંબાજી ટ્રસ્ટના નાના-મોટા કર્મચારીઓના વર્ષો જૂના પડતર પ્રશ્નોથી માંડીને ભક્તજનો માટે નિઃશુલ્ક પ્રસાદની વ્યવસ્થા જેવાં અનેકાનેક સ્તુત્ય કાર્યો સ્વ. પંકજસિંહ જાડેજાએ પોતાના કાર્યકાળ દરમ્યાન કર્યા છે ને અંબાજીમાં પોતાનું નામ ચિરંજીવ કર્યું છે. આ જ કારણથી રાજકોટ નિવાસી પિયુષકુમારસિંહજી જાડેજાએ આવા કર્મઠ અને નિષ્ઠાવાન અધિકારીને શ્રધ્ધાસુમન અર્પવાનો એક ઉપયુક્ત ઉપાય સૂચવ્યો છે, જે તેમને અંબાજી મંદિર આસપાસ વ્યવસાય કરતા અનેક નાના-મોટા વેપારીભાઈઓએ સૂચવ્યો છે. સ્વ. પંકજસિંહ જાડેજાનું નામ મંદિર પરિસરની અંદર જ ક્યાંક સાચવવામાં આવે તો તેમની કાયમી સ્મૃતિઓ અહીં જળવાઈ રહેશે, જ્યાં તેમણે પોતાની કારકિર્દી દરમ્યાન સર્વશ્રેષ્ઠ અને યાદગાર એવાં કાર્યો કર્યાં છે.

પિયુષકુમારજી ઉપરાંત સ્વ. પંકજસિંહજીના શુભચિંતકો આ માટે પ્રયત્નશીલ છે અને તંત્રને વિનંતી કરી રહ્યા છે ત્યારે આપણે પણ આ માટે આપણો યથાશક્તિ સહયોગ આપીએ અને આવા કુસુમવત વ્યક્તિની સુવાસ મા શ્રી અંબાના પાવન ધામમાં સુપેરે જળવાઈ રહે એવા પ્રયાસો કરીએ.